ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૦/ ૩૫૬૦-૬૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ~~૨૨~~ ૨૩/૦૭/૨૦૨૦

પ્રતિ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** સરકારી અને ખાનગી શાળામાં રમતગમતના મેદાનો બનાવવા અંગેની કાર્યવાહી કરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવો એ પ્રાથમિક શિક્ષણનો હંમેશા મહત્વનો હેતુ રહ્યો છે. આ માટે વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ બાબતે પણ આપણે પ્રયત્નશીલ રહીએ એ ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ માટે શાળાઓમાં રમતગમત, યોગ અને સમૂહ કવાયત વગેરેનું આયોજન કરવામાં છે. રમતગમત માટે જરૂરી રમતગમતનું મેદાન અમૂક સરકારી અને ખાનગી શાળામાં ઉપલબ્ધ નથી. આ અંગે રજૂઆત અત્રેની કક્ષાએ આવતી હોય છે. તે અંગે જે તે જિલ્લા દ્વારા રમતગમતનું મેદાન કેટલી સરકારી અને ખાનગી શાળામાં ઉપલબ્ધ નથી તેની માહિતી આપવામાં આવે છે. આ બાબતે રાજ્ય સરકારશ્રીની ખાતરી સમિતિમાં પણ જવાબ રજુ કરીએ છીએ. આથી દરેક સરકારી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે રમતગમતનું મેદાન ઉપલબ્ધ થાય તે માટે જે તે શાળા માટે જમીન સંપાદન કરવા લગત તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખી જરૂરી કાર્યવાહી કરશો. ગ્રામ પંચાયત પણ શાળાને જમીન ઉપલબ્ધ કરાવે તે માટે પ્રયત્નો કરશો. ખાનગી શાળાઓને શાળામાં રમતગમતનું મેદાન ઉપલબ્ધ થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવા આપની કક્ષાએથી નોટીસ આપી જરૂરી કાર્યવાહી કરશો. આપના કાર્યક્ષેત્ર હેઠળની તમામ સરકારી અને ખાનગી શાળાઓમાં રમતગમતના મેદાનની સુવિધા પ્રાપ્ત થાય તે માટે જરૂરી આયોજન કરી કાર્યવાહી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

(ડૉ. એમ.આઇ.જોષી)
નિયામક પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર